## શું તમને તમારાં જ ઘરમા

# સમસ્યા છે ?

તો વાંચો, આ દેશમાં ( અમેરિકામાં ) તમને મળતાં અધિકારો અંગે.











સજાપાત્ર થતાં ઘરેલું અત્યાચાર સામે અમેરિકામાં મદદ મેળવવા માટે ફોન કરો ૧-૮૦૦-૭૯૯-૭૨૩૩ ઉપર.

# અમેરિકામાં સ્ત્રીઓને અધિકારો-હક્કો મળેલાં છે.
# આ માટે મદદ મળે છે !



## Contents

આ પુસ્તિકા તમારાં ઘરમાં તમારા ઉપર અને તમારાં સંતાનો ઉપર થતાં અત્યાચાર સામે કેવી રીતે મદદ મળે એની સમજણ આપે છે. એનાં માટે તમે નીચે મુજબની માહિતી જુઓ.


( ૧ ) ઘરેલું અત્યાચાર કોને કહેવાય ? પાના નં. ૧ – ૪

( ૨ ) કાયમી વસવાટનો કાયદો અને જીવવા માટેનાં તમારાં અધિકારો - પા.નં. ૫ – ૮

( ૩ ) કૌટુંબિક કાયદો અને તમારાં આશ્રયનાં હૂકમનામા અંગેના ંઅધિકારો - પા.નં. ૯ – ૧૧

( ૪ ) કલ્યાણકારી લાભો.


## તમારી જાતે જાહેર કરો !

અગર તમને તમારાં ઘરમાં જ તમારાં ઉપર તમારાં સાવ નજીકનાં ગાઢ સબંધી દ્વારાં અત્યાચાર થયો હોય અથવા થતો હોય તો અમેરિકામાં રહેવાનાં તમારાં દરજ્જાને ધ્યાનમાં લીધા વગર તમને નીચે મુજબની મદદ મેળવવાનો અધિકાર છે.

( ૧ ) સ્વયં તમારા ઉપર કે તમારાં સંતાનો ઉપર સજાપાત્ર ઘરેલું કૃત્ય, ઉદંડતા કે અપરાધ કર્યો હોય તો તમને તાત્કાલિક આશરો અને મદદનાં કાર્યક્રમની પાપ્તિ થાય છે.

( ૨ ) તમને તમારાં ઉપર અત્યાચાર કરનારથી બચાવવા માટે કોર્ટમાંથી હૂકમનામું મળે છે.

( ૩ ) તમને તમારાં સંતાનોનો કબજો અને એનાં માટે મદદ કોર્ટ મંજુર કરી શકે.

( ૪ ) તમારાં પતિ છૂટાછેડા આપવા સહમતી ન દર્શાવે તો પણ કોર્ટ છૂટાછેડાનું હૂકમનામુ કરે.

( ૫ ) પોલીસની મદદ પ્રાપ્ત થાય.

( ૬ ) તાત્કાલિક વૈદકીય ( મેડિકલ ) મદદ ઉપલબ્ધ થાય.

( ૭ ) તમારાં અમેરિકન નાગરિક સંતાનોને સાર્વજનિક લાભો મળે.

( ૮ ) એવી શક્યતા પણ રહે છે કે તમારાં નજીકનાં ગાઢ સબંધી( પતિ )ની મદદ લીધાં વિનાં તમને અમેરિકામાં કાયમી રહેવાનો દરજ્જો પ્રાપ્ત થાય.

જો તમે વકીલ( એડવોકેટ ) હો અથવા અમેરિકામાં કાયમી વસવાટ અંગેનાં કાયદાનાં નિષ્ણાંત હો અને અહીં આપેલી બાબતો અંગે અધિક જાણકારી પ્રાપ્ત કરવી હોય તો તમે http://legalmomentum.org ઉપર જાવ અથવા ( ૨૦૨ )-૩૨૬-૦૦૪૦ ઉપર ફોન કરો.

**પત્ની ઉપર અથવા ગાઢ સબંધી ઉપર શારીરિક અત્યાચાર-જુલમ કરવો એ આ દેશમાં ( અમેરિકામાં ) ગુનો બને છે.**



# સજાપાત્ર ઘરેલું હિંસા-કૃત્ય

## સજાપાત્ર ઘરેલું કૃત્ય એટલે શું ?




- સજાપાત્ર ઘરેલું કૃત્ય એ એક પ્રકારનું અત્યાચારી વર્તન છે. જેમાં અત્યાચારનો ભોગ બનનાર વ્યક્તિને હાથથી બળપુર્વક કાબૂમાં રાખવામાં આવે છે.

- આવા અત્યાચારી વર્તનમાં શારીરિક હુમલો અને સમાગમ માટે હુમલો કરવો, વાણીથી-શબ્દોથી અથવા લાગણીયુક્ત અત્યાચાર વગેરેનો સમાવેશ થાય છે.

- અત્યાચારનો ભોગ બનનાર વ્યક્તિ પોતે ભયનો અનુભવ કરે છે, તેણી પોતાની જીંદગી ઉપર કાબૂ ન રાખી શકે, અને તેણી આવા અત્યાચાર માટે પોતે પોતાને જવાબદાર માનવા લાગે.

## સજાપાત્ર ઘરેલુ કૃત્ય થવાનાં કારણો ક્યાં છે ?

- ઘણાં અત્યાચારીઓ પોતાનાં અત્યાચારી વર્તન માટે પોતે જવાબદાર છે એવું માનતાં જ નથી. ઘણી વખત અત્યાચારી પોતાનાં અત્યાચારી વર્તન માટે પોતાનાં તનાવને, દારૂને, પોતાનો કાબૂ ગુમાવવાને કારણે અથવા અત્યાચારનો ભોગ બનનાર વ્યક્તિનાં વર્તનને જવાબદાર હોવાનું બહાનું બતાવે છે.

- ઘરેલું અત્યાચારનો ભોગ બનનાર વ્યક્તિ અત્યાચારી સંબંધો બીજા કારણોને લઈને જાળવી રાખે છે. કારણ કે પોતાનો પ્રેમ, પોતાની જીંદગી અંગેનો ભય, દેશ નિકાલ થઈ જવાનો ડર, પોતાનાં સંતાનોની ચિંતા, પોતાની આર્થિક સ્થિરતાનો અભાવ અને બીજાની સહાયનો અભાવ હોય છે

### અત્યાચારનો ભોગ બનનારી વ્યક્તિઓને કાબૂમાં રાખવા માટે અત્યાચારી નીચે મુજબની યુક્તિઓનો ઉપયોગ કરતાં હોય છે:

**ધાકધમકી:** જુલમની નીતિ અપનાવીને પોતાનાં હાવભાવ દ્વારા અથવા પોતાની શારીરિક ક્રિયા દ્વારા, રાડ પાડીને, ડરાવીને અત્યાચારનો ભોગ બનનાર વ્યક્તિ ઉપર કાબૂ રાખે છે.

**જુદાઈપણું:** અત્યાચારનો ભોગ બનનાર તેણી કોની સાથે ક્યાં, ક્યારે અને શા માટે બહાર જાય છે એનાં ઉપર નજર રાખે છે-કાબૂ રાખે છે. તેણીને અંગ્રેજી શીખવા ન દે, ગાડી ચલાવવા ન આપે, તેણીને નોકરી કરવા ન દે અથવા બહારની દુનિયા સાથેનાં સંપર્કો મર્યાદિત કરી નાખે છે.

**ભાવનાયુક્ત અત્યાચાર:** અત્યાચાર કરનાર વ્યક્તિ તેણી કઈ રીતે પોતાનાં જ શરીર અંગે, પોતાની બુદ્ધિમત્તા અંગે અને પોતાનાં રૂપરંગ અંગે ખરાબ અનુભવ કરે એવો સતત પ્રયત્ન કરે છે. તેણી પોતાનાં માટે કોઈપણ રીતે યોગ્ય નથી એવું વર્તન કરવા પ્રયાસ કરે છે અને પોતે તેણીનાં આવા વ્યવહારને કારણે અત્યાચાર-જુલમ કરે છે.

**ધમકીઓ:** અત્યાચારનો ભોગ બનનારને અત્યાચારી કહે તેમ નહીં કરે તો પોતે પોલીસને ફોન કરી દેવાની અથવા દેશ અમેરિકાની બહાર મોકલી દેવાની ધમકી આપે છે, તેણી જેલમાં કેવી રીતે જાય એની યુક્તિ શોધે છે અને એનાં માટે તેણીને ખોટી રીતે દોરવણી આપે છે. સંતાનોનો કબજો લઈ લેવાની ધમકી આપે છે, છૂટાછેડા આપી દેવાની અને અમેરિકામાં કાયમી રહેવા અંગેનાં પેપરની ફાઈલ ન કરવાની અથવા જે ફાઈલ મૂકી હોય એ પાછી ખેંચી લેવાની ધમકી આપે છે.

**નિર્દય હોવાનો દેખાવ:** તેણી પોતાની એક નોકર હોય એવું એમની સાથે વર્તન કરે છે, મહત્ત્વનાં બધાં જ નિર્ણયો અત્યાચારી પોતે જાતે કરે છે, તેણી જે ન કરવા માંગતી હોય એ કરવા માટે એને મજબૂર કરે છે.

**આર્થિક અત્યાચાર:** તેણીને નોકરી કરવાની છૂટ ન આપે, તેણીને કામ કરવા માટે બિનકાયદેસરતાના સ્થિતિમાં મૂકી દેવી, ખાદ્ય વસ્તુ કે શાકભાજી લાવવા પૂરતાં જ પૈસા આપવા અને વધારાનાં કોઈ પસા ન આપવા અથવા મર્યાદિત આપવા.

**જાતીય અત્યાચાર:** તેણીની મરજી ન હોય છતાં પરાણે દબાણપૂર્વક સમાગમ કરવો, જાતીય વસ્તુની જેમ તેણીનો ઉપભોગ કરવો, તેણીને શરમજનક અને ખરાબ હોય એવી હરકતો કરવા માટે તેણી બળ પ્રયોગ કરવો-જોહૂકમી કરવી.

**સંતાનોનો ઉપયોગ કરવો:** સંતાનોને કશું પણ થાય તો એનાં માટે તેણી પોતે જવાબદાર અને ગુનેગાર છે એવું એ સમજવા લાગે એવા પ્રયત્નો કરવા. સંતાનોની હાજરીમાં તેણીને અમાનવીય રીતે અપમાનિત કરવી અથવા તેણીને ઉતારી પાડવી. માબાપ તરીકેનાં તમામ અધિકારો પોતાની પાસે લઈ લેવા અને સંતાનોને તેણીની વિરૂદ્ધ ઉશ્કેરવા. સંતાનોને અમેરિકાની બહાર મોગલી દેવાની ભલામણ કરી દેવાની ધમકી આપવી, તેણીને અમેરિકાની બહાર મોકલી દેવાની ધમકી અને સંતાનોને તેણી ફરીથી કદી જોઈ નહીં શકે એવી ધમકી આપવી.

# ઘરેલું હિંસા તમારાં સંતાનોની લાગણી ઉપર આડ અસરો પાડી શકે:

માબાપ તરીકે આપણો મુખ્ય એ હેતુ બની રહેવો જોઈએ કે આપણાં સંતાનોને એનાં બાળપણમાં આનંદનો અનુભવ કરે. બાળકો કે જેઓ પોતાના માતાએ ખૂબ જ અત્યાચાર સહેલો છે એનાં સાક્ષીઓ છે એ અત્યાચાર એની લાગણીને નુકશાન પહોંચાડે છે.

**ઘરેલું હિંસાનાં બનેલાં મહત્વનાં બનાવો છે કે જે સંતાનો ઉપર આડ અસર પાડી શકે એની સાબિતીઓ નીચે મજબની છે :**

- લઘુતા ગ્રંથી, લઘુતા ગ્રંથીનો ભોગ બની બાળકો એવું માનવા લાગે છે કે કોઈ એને પ્રેમ કરતું નથી અને અને પોતે એકલાં છોડી દેવાશે એવો ડર રહે છે.
- લાગણીસભર અને હિંસાત્મક વર્તન કરવા લાગે છે જેવા કે મારવું, બટકા ભરવા, ધક્કા મારવા, બીજા લોકોનું અપમાન કરવું અને રમકડાં તોડીફોડી નાંખવા વગેરે.
- વર્તનમાં બદલાવ આવે છે જેવાં કે જાણે પોતે પુખ્ત હોય એવી જાતનું વર્તન કરે, કુટુંબનાં પ્રશ્નો હલ કરવાનો પ્રયત્ન કરવા લાગે અને તમને કહેવા લાગશે કે તમારે શું કરવું જોઈએ કે જેથી તમને તમારાં સહયોગી-પતિ સાથે કોઈ સમસ્યા ન રહે.
- શાળામાં શૈક્ષણિક કારકીર્તિ નીચી જવી, રાત્રે ખરાબ સ્વપ્નો આવવા, તનાવનો ભોગ બનવું, શરમ અનુભવવી, ચિંતાનો અનુભવ કરવો, જમવામાં અનિયમિતતા, અનિંદ્રા વગેરેનો ભોગ બની સહન કરે છે.
- પારિવારીક સમસ્યાઓથી દૂર ભાગવા ખોટી રીતો અપનાવવા લાગે છે જેવી કે, નશલી દવાઓનું સેવન કરવું. દારૂ પીવો, અને ઘરેથી ભાગી જવું. આપઘાત કરવાનો પ્રયત્ન કરવો, ગુંડાટોળીમાં સામેલ થવું અથવા એકંદરે એ અપરાધી વર્તન કરવા લાગે છે.

તમારાં સંતાનો માટે મદદ મળી શકે છે. આવી મદદ માટે તમે તમારાં નજીકનાં આશ્રયસ્થાનનાં વકીલને પૂછો અથવા સજાપાત્ર ઘરેલું કૃત્યનાં કાર્યક્રમનાં વ્યવસાઈક સલાહકાર માટે માગણી કરો. ત્યાં બાળકો માટેનાં ખાસ વકીલો અને સલાહકારો હોય છે, જેઓ અમેરિકામાંમાં રહેવાનાં દરજ્જાને ધ્યાનમાં લીધાં વિનાં તમારાં સંતાનો સાથે કામ કરશે.



## પૌરાણિક માન્યતાઓ અને વાસ્તવિક્તાઓ



**પૌરાણિક માન્યતા નં. ૧**
**સ્ત્રીઓ ઉપર થતી સજાપાત્ર ઘરેલું કૃત્ય એ એક કુટુંબનીઅંગત કૌટુંબિક ઘટના છે.**

**વાસ્તવિક્તાઃ** સજાપાત્ર ઘરેલું કૃત્ય એ એક ગુનો છે. તમે અમુક શારીરિક અથવા જાતિય હુમલાનો ભોગ બન્યા હો તો તમે અમેરિકામાં અશ્રય માટે મદદ અને સેવા મેળવવા અધિકાર ધરાવો છો.

**પૌરાણિક માન્યતા નં. ૨**
**સ્ત્રીઓ ઉપર થતાં અત્યાચાર માટે સ્ત્રીઓ જવાબદાર છે અને તેઓએ સહન કરવું જોઈએ કારણ કે તેણીએ તે પ્રસંગ ઊભો કર્યો છે.**

**વાસ્તવિક્તાઃ** સજાપાત્ર ઘરેલું કૃત્ય એ એક પ્રકારનાં વર્તનની રીત છે જેમાં પોતાની ધાક બેસાડવા અને ભોગ બનનારને પોતાનાં કાબૂમાં રાખવા માટે અત્યાચારોનો ઉપયોગ કરવામાં આવે છે. તમારાં ઉપર અત્યાચાર કરનારનાં આવા વર્તન માટે તમે જવાબદાર નથી અને કોઈનો પણ આવો અત્યાચાર સહેવાપાત્ર પણ નથી.

**પૌરાણિક માન્યતા નં. ૩**
દારૂનું સેવન અને નશીલી દવાનાં અતિરેકનાં પરિપાકરૂપે સજાપાત્ર ઘરેલું કૃત્ય બને છે.

**વાસ્તવિક્તાઃ** અત્યાચાર કરનારાઓમાં ઘણાં દારૂનું સેવન અથવા નશીલી દવાનો દુરોપયોક કરતાં નથી. એવી જ રીતે ઘણી વ્યક્તિઓ કે જેઓ અત્યાચાર માટે દારૂનું સેવન કરે છે અથવા નશીલી દવાનો દુરોપયોગ કરે છે. સાધારણ રીતે હિંસા આચરવા બદલ પોતાનાં ઘમંડને જવાબદાર માનવાને બદલે દારૂનું સેવન અને દવાનો દુરોપયોગનું બહાનું વ્યાપક રીતે બતાવે છે.

**પોરાણિક માન્યતા નં. ૪**
અગર હું મારા ઉપર અત્યાચાર કરનારને છોડી દઈશ તો તે મારાં સંતાનોનો કબજો લઈ લેશે કારણ કે મારી પાસે અમેરિકામાં રહેવા માટેનાં કાગળો નથી.

# પરદેશમાંથી આવીને અમેરિકામાં રહેતી સ્ત્રીઓ માટે સલામતીની યોજનાં

## તમારી સલામતી એ બહું જ અગત્યની બાબત છે !

### પૌરાણિક માન્યતાઓ અને વાસ્તવિક્તાઓ



**વાસ્તવિક્તાઃ** સર્વ સાધારણ રીતે, ન્યાયધીશને બાળકોને આશ્રય આપવામાં અને એને ભવિષ્યમાં શ્રેષ્ઠ રસ જળવાઈ રહે એ માટે જ આતૂર હોય છે. બાળકોનો કબજો સોંપવામાં કોર્ટ એ વાતનું ધ્યાન રાખે છે કે માબાપમાંથી કોણ બીજા જીવનસાથી તરફ અને બાળકો પ્રતિ અત્યાચારી છે અને માબાપ પરસ્પરનાં નકારાત્મક ભાગને ગણતરીમાં લે છે.

**પૌરાણિક માન્યતા નં. ૫**
**અગર મારી પાસે અમેરિકામાં રહેવા અંગેનાં કાગળો ન હોવાથી, મને સામાજીક અને કાયદાકીય મદદ મેળવવાનો કોઈ હક્ક નથી.**

**વાસ્તવિક્તાઃ** પરદેશમાંથી આવીને અમેરિકામાં રહેતાં સજાપાત્ર ઘરેલું કૃત્યનાં ભોગ બનેલાં તમામને, તેઓનાં અમેરિકામાં રહેવાનાં દરજ્જાને ધ્યાનમાં લીધાં વગર એમને તાત્કાલિક શરણની મદદ, અને કાયદાકીય અને સામાજીક સેવા આપતી સંસ્થાઓ કે જે સંસ્થાઓ સજાપાત્ર થતાં ઘરેલું કૃત્યથી બચાવવા માટે કામ કરે છે એમની સેવા લેવાનો હક્ક છે.

**પૌરાણિક માન્યતા નં. ૬**
**અગર હું પોલીસને બોલાવું તો પોલીસ મને અમેરિકાની બહાર મોકલી દેશે કારણ કે હું પ્રમાણિત દસ્તાવેઝ વગરની છું.**

**વાસ્તવિકતાઃ** અમેરિકામાં રહેવાનાં દરજ્જાને ધ્યાનમાં લીધાં વિનાં ઘરેલું હિંસાનો ભોગ બનેલાઓનું રક્ષણ કરવાં સ્વતંત્ર રીતે પોલીસ વચનબદ્ધ છે. અગર તમે પોલીસને નહીં બોલાવો અથવા વાત નહીં કરો તો પોલીસ ડખલગીરી અને મદદ નહીં કરી શકે. પોલીસ તમારાં ઉપર અત્યાચાર કરનારને જાણ કરી દેશે કે તમને આ દેશમાં (અમેરિકામાં) રહેવાનો અધિકાર છે અને તમારી સામે કરેલાં ગુનાનો ( કરેલી ઈજાનો) ઈન્કાર નહીં કરી શકે અને કાયદાકીય સજાથી નહીં બચી શકશે નહીં.

ઘરેલું અત્યાચારમાંથી બચી ગયેલાંઓ માટે બધાં જ કાયદાઓ અને સામાજીક યોજનાઓનો એક જ સામાન્ય ધ્યેય રહેલો છે કે : તમે તમારાં જ ઘરમાં સલામત રહો. આ ધ્યેયની સફળતા મેળવવા માટે તમે પોતે ચાવી રૂપે છો. વ્યવહારું બના, આગળનું વિચારો ! અહીં થોડી અગત્યની સુચનાઓ આપી છે જે તમને ભવિષ્યમાં ઉપયોગી બનશે :

- શારીરિક હિંસાનો બનાવ બને અને એ વધુ વકરે એ પહેલાં ઘરમાંથી કેવી રીતે ભાગી છૂટવું એની યોજનાં બનાવો.
- તાત્કાલિક મદદ મેળવવા માટેનો ફોન નં. ૯૧૧ યાદ રાખો અને ફોન ૯૧૧ કેવી રીતે જોડવો એ તમારાં સંતાનોને બરાબર શીખવાડી રાખો. તમારાં સંતાનોની સાથે સલામતીની યોજના ઘડી રાખો જેથી તેઓને સજાપાત્ર ઘરેલું કૃત્યનો બનાવ વધું વકરે તો કેવી રીતે વર્તવું એ બરાબર સમજાવી રાખો.
- તમને જે માણસો ઉપર વિશ્વાસ હોય એમની સાથે વાતચીત કરો અને તમારે જરૂરિયાત ઊભી થાય તો એ તમને કેવી રીતે મદદરૂપ બનશે એ પૂછો.
- થોડાં પૈસા, તમારાં મકાનનાં દસ્તાવેઝનાં કાગળોની નકલો અને ગાડીની ચાવીઓ, અગત્યનાં અસલ દસ્તાવેજી કાગળો અથવા અમેરિકામાં કાયમી રહેવા માટેનાં કાગળો, તમારો પાસપોર્ટ, જન્મનું પ્રમાણપત્ર અને તમારાં મૂળ દેશમાંથી મળેલાં અસલ દસ્તાવેજો, તમને અને તમારાં સંતાનોને માટે જરૂરી દવાઓ વગેરે સાથેની એક બેગ તૈયાર રાખો. આવી રીતે તૈયાર કરેલી સૂટકેશ તમારાં ભરોસાપાત્ર કુટુંબીને ત્યાં અથવા કોઈ મિત્રને ઘરે, મંદિરમાં, અથવા કટોકટીની પરિસ્થિતિમાં તમને પોતાને સલામત લાગે એવી જગ્યાએ મૂકી રાખો. આવી જાતની વ્યવસ્થા કરી રાખવાથી જ્યારે કટોકટીની પરિસ્થિતિ સર્જાય ત્યારે તમે ઘર છોડો એ વખતે જરૂરી બધી વસ્તું એકઠી કરવામાં આસાન, સલામત અને ચિંતારહિત બની જાવ.
- સજાપાત્ર ઘરેલું કત્ય અંગેનાં કાયદાનાં નિષ્ણાંત વકીલનો સંર્પક કરો. તેણી તમારી પરિસ્થિતિને અનુરૂપ તમારી સલામતી માટેની યોજનાં ઘડવામાં મદદરૂપ બનશે. તમે વકીલને જે પણ કહેશો એ સંપૂર્ણપણે ખાનગી રહેશે. આવી સલામતીની યોજનાની રૂપરેખા માટે પા.નં. ૧૩ જુઓ.

અગર તમારે સ્થાનિક સેવા અંગે અન વકીલની મુલાકાત કેવી રીતે કરવી એ અંગે વધું માહિતી જોઈતી હોય તો પૈસા ખર્ચ કર્યા વગર મફતમાં થતાં ફોનની તાત્કાલિક રાષ્ટ્રિય લાઈનનાં ફોન નં. ૧-૮૦૦-૭૯૯-૭૨૩૩ જોડો. આવીરીતે તમે કરેલો ફોન સંપૂર્ણપણે વિશ્વસનીય-ખાનગી રહેશે

If you would like more information about local services and how to contact a local advocate, call the free national emergency line at 1-800-799-SAFE (7233). Your call will be strictly confidential. You can also visit http://www.thehotline.org.

# અમેરિકાનાં વસવાટી કાયદા અન્વયે આશ્રય

## પરદેશમાંથી આવીને અમેરિકામાં રહેતી સજાપાત્ર થતાં ઘરેલું કૃત્યમાંથી બચી ગયેલી સ્ત્રીઓ અને બાળકો માટે કાયદાકીય યોજનાઓ

સ્ત્રીઓ સામે થતી હિંસાનો કાયદોમાં (જે ફછ્ઉછ તરીકે જાણીતો છે) અત્યાચાર પામેલી સ્ત્રીઓ અને તેઓનાં બાળકોને આશ્રય આપવા માટે ખાસ જોગવાઈ કરવામાં આવેલી છે. નીચે પ્રમાણેનાં ફોર્મ છે જે સ્ત્રીઓ સામે થતી હિંસાનો કાયદો (ફછ્ઉછ) તમને અને તમારાં સંતાનોને કદાચ આશ્રય આપશેઃ

(૧ ) તમારાં ઉપર અત્યાચાર કરનાર જીવનસાથીની મદદ લીધાં વગર અને બે વરસની રાહ જોયા વગર અમેરિકામાં શરતી રહેવાનાં દરજ્જામાંથી અમેરિકામાં સ્થાઈ રહેવાનાં દરજ્જામાં બદલવાની અરજી.

(૨) સખત મારપીટનો ભોગ બનેલ જીવનસાથી અથવા અમેરિકન નાગરિક સંતાન અથવા કાયદેસર રહેવાસી તરીકે જાતે કરવામાં આવતી ધોરણસરની અરજી.

(૩) ૨૧ વરસથી મોટી ઉંમરનાં અમેરિકન નાગરિક સંતાનોનાં સખત મારપીટનાં ભોગ બનેલાં માબાપ તરીકે જાતે કરવામાં ધોરણસરની અરજી.

(૪) અમેરિકામાં વસવાટ દરમ્યાન ચોક્કસ પ્રકારની હિંસાની ઘટના પછી બચી ગયેલાંઓ માટે યુ-વિઝા.

(૫) સ્ત્રીઓ અને સંતાનો કે જેઓ પોતાનાં પતિ અથવા માતાપિતાનાં નોકરીનાં અસ્થાઈ વિઝા જેવા કે એ, ઈ, જી અને એચ ઉપર અમેરિકમાં આવ્યાં હોય એનાં માટે  નોકરી કરવાની મંજુરી મેળવવાની અરજી.

(૬) અગર તમને અમેરિકામાંથી દેશનિકાલ કરી દેવાનાં કાયદેસરનાં પગલાં લેવાતાં હોય એવી સ્થિતિમાં હો તો સ્ત્રીઓ સામે થતી હિંસાનાં કાયદા ( ફછ્ઉછ) અંતરગત રદ કરવા અંગેની અરજી.

(૭) અગાઉ તમને અમેરિકામાંથી બહાર મોકલી દેવાનો હુકમ થઈ ગયો હોય તો તમે સ્ત્રીઓ સામે થતી હિંસાનાં કાયદા ( ફછ્ઉછ) અંતરગત લાયક ઠરો તો એ મુકદમો ફરી ખોલવાનો લાભ.

(૮) જાતિ આધારિત અનાથાશ્રમ મેળવવા માટેની અરજી

The Violence Against Women Act (also known as VAWA) contains special immigration provisions that protect abused immigrant women and their children.



# Legal Remedies

**૧. પરદેશમાંથી આવીને અમેરિકામાં રહેતાં સ્ત્રીઓ અને બાળકો કે જેની પાસે શરતી સ્થાઈ વસવાટનો દરજ્જો છે એના માટે આશ્રયઃ**

- અગર તમારી પાસે અમેરિકામાં કાયદેસર સ્થાઈ વસવાટનું કાર્ડ છે અને એના ઉપર “ભઈં”નો સિક્કો મારેલો હોય તો એનો અર્થ એવો થયો કે, તમે શરત સાથે કાયદેસરનાં સ્થાઈ રહેવાસી છો. શક્ય છે કે એ કાર્ડ ઉપર તમને આપેલાં કાર્ડની તારીખથી બે વરસ કરતાં ઓછા સમયની એનો અંત બતાવતી તારીખ છાપેલી હશે.
- કાયદો એવું સુચન કરે છે કે, તમારાં કાયદેસરનાં સ્થાઈ રહેવાસી તરીકેની તમારી પહેલી મુલાકાતની વાર્ષિક તારીખથી (છહહૈપીજિચઅિ) ૯૦ દિવસ પહેલાં, તમારાં પતિ અને તમારે સંયુક્તપણે ચોક્કસ ફોર્મ મોકલવા પડે જેથી કરીને તમે શરત વિનાનાં કાયદેસરનાં સ્થાઈ રહેવાસી બની શકો.
- અગર તમારાં દાંપત્યજીવન દરમ્યાન તમારાં ઉપર અત્યાચાર થયો હોય અને તમે શરત સાથેનાં અમેરિકાનાં રહેવાસી છો, તો તમે તામારાં જીવનસાથીની સહાય લીધાં વિના એ હક્ક જતો કરવાની એક અરજી કરો, એની સાથે કાયદેસરનાં સ્થાઈ રહેવાસી બનવા પરવાનગી મળે છે. તમને શરતી રહેવાની મંજુરી મળી ત્યાંથી બે વરસ સુધી રાહ જોવાની જરૂર રહેતી નથી. જેવું તમને જાણવામાં આવે કે તમારા જીવનસાથી અમેરિકામાં સ્થાઈ વસવાટની પદ્ધતિ પરી કરવામાં સહયોગ આપતાં નથી અને એ અત્યાચારી બની ગયા છે, તો તમે ફાઈલ કરવામાં લાયકાત ધરાવો છો. તમે હક્ક જતો કરવાની અરજીમાં તમારાં બાળકોનો પણ સમાવેશ કરી શકો છો.

**૨. સ્ત્રીઓ સામે થતી હિંસાનાં કાયદા ( VAWA) અંતરગત અધિકૃતને જાતે કરાતી ધોરણસરની અરજીઃ**

ઉપાય દ્વારા પરદેશમાંથી અમેરિકામાં આવીને રહેતાં સજાપાત્ર થતાં ઘરેલું કૃત્યની ઘટનામાંથી બચી ગયેલાઓને આશ્રય આપવા અમેરિકામાં કાયદેસર સ્થાઈ વસવાટની પરવાનગી મેળવવા માટે તમારાં ઉપર અત્યાચાર કરનારાં જીવનસાથીની અથવા તમારી બાહેંધરી આપનારાં માબાપની મદદ વગર અરજી કરી શકો છો.

**સ્ત્રીઓ સામે થતી હિંસાનાં કાયદા(VAWA) અંતરગત ધોરણસરની અરજી કોણ કરી શકે ?**

પાત્ર થતાં ઘરેલું કૃત્યની ઘટનામાંથી બચી ગયેલાં પરદેશથી આવીને અમેરિકામાં વસવાટ કરતાંઓએ અધિકૃતને ધોરણસરની અરજી કરવા માટે જે પાંચ જરૂરિયાતો છે તે અવશ્ય સાબિત કરવી પડે, નીચે આપેલો ટૂંકો સારાંશ જુઓ, અને તમને લાગું પડતાં થોડાં અપવાદોને યાદ રાખો.

**૧. તમે અમેરિકન નાગરિક સાથે અથવા અમેરિકામાં કાયદેસરનાં સ્થાઈ રહેવાસી સાથે પરણેલાં છો એ સાબિત કરવું પડેઃ**

a. તમારે એ સાબિત કરવું પડે કે તમે અમેરિકન નાગરિક સાથે અથવા અમેરિકામાં કાયદેસરનાં સ્થાઈ રહેવાસી સાથે પરણેલાં છો અથવા છેલ્લા બે વરસની અંદર પરણેલાં છો;

i. અગર તમારાં અમેરિકન જીવનસાથી બે વરસની અંદર મરણ પામે તો તમે અમેરિકામાં રહેવા માટે અધિકૃતને ધોરણસરની અરજી કરવાં લાયક ઠરો.

ii. અગર તમે સજાપાત્ર થતાં ઘરેલું કૃત્યની ઘટના બનવાને કારણે તમારાં જીવનસાથી બે વરસની અંદર એનો અમેરિકામાં રહેવા દરજ્જો ગુમાવે છતાં પણ તમે હજુ અધિકૃતને ધોરણસરની અરજી કરવા લાયક ઠરો.

b. અગર અમેરિકન નાગરિકનો અથવા અમેરિકામાં કાયદેસરનાં સ્થાઈ વસવાટનો દરજ્જો ધરાવતાં માબાપ( જૈવિક, દત્તક અથવા સાવકા) અત્યાચારી છે અથવા છેલ્લા બે વરસ દરમ્યાન હતા તો એમનાં ૨૧ વરસની ઉંમર કરતાં નાના બાળકો જાતે પોતાનાં માટે અધિકૃતને ધોરણસરની અરજી કરી શકે.

c. અગર તમારાં સંતાનો ૨૧ વરસની ઉંમર કરતાં મોટાં છે, પરંતુ ૨૫ વરસની ઉંમર કરતાં નાના છે, તેઓ એ બતાવી શકે કે એમનાં માબાપે અધિકૃતને ધોરણસરની અરજી સમયસર મોકલી નથી એમાં અમારો પોતાનો કોઈ દોષ નથી અને અમે એમનો અત્યાચાર સહન કરેલો છે તો તેઓ અધિકૃતને ધોરણસરની અરજી કરવા લાયક બને.

**૨. તમે ઉત્તમ વિશ્વાસ સાથે લગ્ન કર્યાં હતાંઃ**

ચ. તમારે એ સાબિત કરવું પડશે કે લગ્ન કરોને અમેરિકામાં રહેવાનો દરજ્જો મેળવવાનો બદઈરાદો નહોતો.

મ. અગર તમે ઉત્તમ વિશ્વાસ સાથે લગ્ન કર્યાં હોય તો તમારાં ઉપર અત્યાચાર કરનારાં તમારાં જીવનસાથી બહુપત્નીત્વ માટે કરારબદ્ધ હોય (એક જ સમયે બે કરતાં વધું સ્ત્રીઓ સાથે પરણેલાં હોય) તો તમે અધિકૃતને ધોરણસરની અરજી કરવા લાયક ઠરો.

**૩. તમે એક સાથે રહેલાં હતાંઃ**

ચ. તમે અથવા તમારાં જીવનસાથીએ તમને મોકલેલી ટપાલો-પત્રો, અહેવાલ પત્રકો, બીલો, તમારાં મકાન માલિકનાં અથવા તમારાં પડોશીનાં પત્રો વગેરે જે એવું સાબિત કરવા માટે પૂરતાં છે કે તમે તમારાં ઉપર અત્યાચાર કરનારાં સાથે રહેતાં હતાં.

**૪. તમે શારીરિક, અથવા જાતીય અત્યાચાર અથવા અતિ માનસિક ઘાતકીપણું સહેલાં છેઃ**
(શાબ્દિક, માનસિક અથવા લાગણીસભર અત્યાચાર).

**૫. તમે એક સારાં ચારિત્ર્યવાળાં નીતિમાન વ્યક્તિ છોઃ**

ચ. અગર તમે અથવા તમારાં સંતાનો સજાપાત્ર થતાં ઘરેલું કૃત્યનો જે ગુનો બનેલો છે એને પરિણામે તમે એનાં ભોગ બનેલાં છો તો તમે હજું પણ અધિકૃતને ધોરણસરની અરજી કરવા માટે લાયક બનો, પરંતુ ફાઈલ મૂક્યાં પહેલાં તમારે વકીલનો સંપર્ક કરવો જોઈએ.

આવી જાતનો આશ્રય મેળવવાને લાયક બનવા માટે એ જરૂરી નથી કે તમારે અમેરિકામાં જ રહેવું પડે. અગર તમે અથવા તમારાં સંતાનો અમેરિકાની બહાર રહેતાં હો. તો પણ તમે એનાં માટે લાયક બની શકો પરંતુ એનાં માટે અમેરિકામાં વસવાટ કરવા અંગેનાં કાયદાનાં નિષ્ણાતની સેવા લેવાની આવશ્યક્તા રહેશે.

**૩. સ્ત્રીઓ સામે થતી હિંસાનાં કાયદા(ફછ૭ઉછ) અંતરગત અત્યાચાર પામેલાં માબાપને આશ્રયઃ**

અગર તમારું સંતાન ૨૧ વરસથી મોટી ઉંમરનું તે/તેણી અમેરિકન નાગરિક છે, અને તમે તમારાં સંતાનનો અત્યાચાર(મારપીટ અથવા કોઈ સાધન પામેલાં અથવા અતિ ઘાતકીપણું) પામેલાં હો તો તમે સ્ત્રીઓ સામે થતી હિંસાનાં કાયદા(ફછ૭ઉછ)ની અંતરગત પુખ્ત ઉંમરનાં સંતાનોનો અત્યાચાર પામેલા માબાપ તરીકે આશ્રયમેળવવા ખાસ લાયક ઠરો.

**૪. અમુક પ્રકારનાં હિંસાનાં સજાપાત્ર કૃત્યમાંથી બચેલાંઓ માટે યુ-વિઝાઃ**

અગર તમે અધિકૃતને જાતે કરવામાં આવતી ધોરણસરની અરજી કરવા માટે ગેરલાયક બનો તો સ્ત્રીઓ સામે થતી હિંસાનાં કાયદા(ફછ૭ઉછ)ની અંતરગત ખાસ પ્રકારની સજાપાત્ર થતાં કૃત્યનાં જેવા કે ઘરેલું હિંસા, બળાત્કાર, જાતીય હુમલો, નીંદાપાત્ર વ્યવહાર, અપહરણ અથવા હિંસાનાં કૃત્યનો અજાણ્યા માણસના અથવા તમારાં સહયોગી, પુરૂષમિત્ર/સ્ત્રીમિત્ર, સહકર્મચારી, નોકરીમાં રાખનારાં, અથવા બીજા કોઈપણનાં ભોગ બન્યા છો તો તમે અમેરિકામા સ્થાઈ વસવાટ કરવાનાં બીજા ઉપાય યુ-વિઝા માટે લાયક બની જાવ.

**યુ -વિઝા મેળવવા માટે માટે કોણ લાયક બની શકે ?**

ઝાની લાયકાત મેળવવા માટે તમારે નીચે પ્રમાણે સાબિત કરવું પડેઃ

૧. તમે ખાસ પ્રકારનાં સજાપાત્ર હિસાત્મક કૃત્યનાં ભોગ બન્યા છો અને આવા સજાપાત્ર કૃત્યને પરિણામે તમે નક્કર પદાર્થથી શારીરિક અથવા માનસિક અત્યાચાર સહ્યો છે.

૨. તમારી પાસે સજાપાત્ર થયેલાં કૃત્યની માહિતી હોવી જોઈએ.

૩. સજાપાત્ર થયેલાં કૃત્યની ઘટનાં અમેરિકામાં બની હોવી જોઈએ અથવા અમેરિકાનાં કાયદાઓનું ઉલ્લંઘન થયેલું હોવું જોઈએ.

૪. તમે સજાપાત્ર હિંસાનાં કૃત્યની ઘટનાની તપાસમાં અથવા ફરિયાદમાં મદદરૂપ હતાં, છો અને રહેશો, એવું તમે કેંદ્રિય, રાજ્યસ્તરે અથવા સ્થાનિક પ્રસાસન તંત્રને ફરિયાદમાં, ન્યાયનાં કાર્યમાં, પરદેશમાંથી આવીને અમેરિકામાં સ્થાઈ થવાનાં પસાસનને અથવા બીજી સરકારી સંસ્થાને સજાપાત્ર હિંસાનાં કૃત્યની ગતિવિધને કાબૂમાં રાખવામાં અથવા તપાસ કરવામાં મદદરૂપ હતા, છો અને રહેશો એવું એક સરકારી પ્રસાસન પ્રમાણપત્ર આપશે.

# Legal Remedies (continued)

૫. યુ-વિઝાનાં આ ઉપાય માટે લાયકાત મેળવવાની સાથે તમારાં ઉપર હુમલો કરનારાનાં અમેરિકામાં રહેવાનાં દરજ્જા સાથે કોઈ સંબંધ હોતો નથી. અમેરિકામાં સ્થાઈ રહેવાનો દરજ્જો મેળવવાની અરજીમાં તમે તમારાં જીવનસાથીનો અને તમારાં સંતાનોનો સમાવેશ કરી શકો છો જેથી તેઓ અમેરિકામાં કાયદેસર રહેવાનો દરજ્જો પ્રાપ્ત કરી શકો.

**૫. પરદેશથી આવીને અમેરિકામાં રહેતાં સ્ત્રીઓ અને સંતાનો કે જેઓ નોકરી અંગેનાં અસ્થાઈ વસવાટનાં વિઝા ધરાવતાં અત્યાચાર કરનારનાં આશ્રિત છે એનાં માટે અમેરિકામાં રહેવા માટે ખાસ આશ્રય:**

સ્ત્રીઓ સામે થતી હિંસાનો કાયદો ૨૦૦૫ (VAWA 2005) નીચે તમે નોકરી કરવાનો અધિકાર મેળવી શકો અગર તમારી પાસે અમેરિકામાં રહેવાનાં અસ્થાઈ વિઝા છે કે જે તમારાં ઉપર અત્યાચાર કરનારનાં અમેરિકામાં રહેવાનાં અસ્થાઈ વિઝા ઉપર આધારિત છે જે તેમણે એની નોકરી કરવા માટે મેળવેલાં છે.

અગર તમારા ઉપર અત્યાચાર કરનારાં પાસે અમેરિકામાં રહેવા માટેનાં નીચેનાં કોઈપણ અસ્થાઈ વિઝા હોય જેવા કે: વિઝા-એ(રાજદ્વારી), ઈ(iii) વેપારી કરાર, જી (વિદેશી સરકારનાં કર્મચારી), અથવા એચ (એક કરતાં વધારે ધંધાની શ્રેણીનાં) અને તમારાં લગ્ન પછીનાં સહજીવન દરમ્યાન તમારાં જીવનસાથી દ્વારા અત્યાચાર થયેલો હોય તો તમે નોકરી મેળવવાનાં અધિકારી બની શકો.

આ યોજના તમને તમારાં ઉપર અત્યાચાર કરનારાંના અમેરિકામાં રહેવાનાં મુખ્ય વિઝામાંથી પૂર્ણ રીતે સ્વતંત્ર કરતી નથી પરંતુ એ તમને કામ કરવાનો અધિકાર મેળવવામાં મદદ કરે છે જેથી તમે અને તમારાં સંતાનો આર્થિક રીતે અધિક બિનઆધારિત બની શકો. આ તમને કદાચ કામ શોધવા દોરવણી આપે જે દ્વારા તમે તમારાં પોતાનાં અમેરિકામ રહેવા માટેનાં વિઝા મેળવી શકો અથવા યુ-વિઝા મેળવવાની અરજી કરતાં પહેલાનું એ કદમ બની શકે.

**અગર તમારાં ઉપર અત્યાચાર કરનાર અમેરિકામાં રહેવાનો દરજ્જો ગુમાવે, તમને છૂટાછેડા આપે, અથવા તેનાં વિઝા પાછા લઈ લેવામાં આવે તો તમે નોકરી-કામ કરવાનાં અધિકાર મેળવવાનાં હક્કથી વંચિત બની જાવ. કૃપા કરીને આ અંગે યુ-વિઝાનો વિભાગ વાંચો અને જુઓ કદાચ તમે વધારાની યોજના માટે લાયક બની શકો.**

**૬. પરદેશમાંથો આવીને અમેરિકામાં વસતાં સ્ત્રીઓ અને બાળકો કે જેઓ હાલમાં અમેરિકાની બહાર મોકલી દેવાની પ્રક્રિયા ચાલું છે અથવા અગાઉ અમેરિકાની બહાર મોકલી દેવામાં આવેલાં છે, તેઓની માટે ખાસ નોંધ:**

અગર તમને ઈમીગ્રેશન દ્વારા જતાં રોકી રાખેલાં હોય અને એ દરમ્યાન તમે સજાપાત્ર થતાં ઘરેલું કૃત્યનો ભોગ બન્યાં હો તો તમે સ્ત્રીઓ સામે થતી હિંસાના કાયદા(VAWA) અંતરગત એ દૂર કરવા માટે કદાચ લાયક બની શકો અથવા તમને જતાં રોકરિાખેલાં હોય છતાં પણ તમે યુ-વિઝા માટે કદાચ લાયક બની શકો. તમારે ઈમીગ્રેશન અધિકૃતને કહેવું પડે કે ઘરેલું હિંસાનાં ભોગ બન્યા છો. માહિતી કાર્ડ માટે પુરવણી જુઓ.

આ ઉપરાંત તમને તમારાં મૂળ દેશમાં મોકલી દેવાયાની ઘટનાં પછી પણ તમે તમારી જીંદગી બાબત ડર અનુભવો છો કારણ કે તમે ત્રાસનો, યાતનાનો, બળાત્કારનો, સ્ત્રીનાં ગુહ્યેન્દ્રિય પર અસંખ્ય અંગછેદનનાં હુમલાનો ભોગ બન્યાં છો અથવા અક સ્ત્રી હોવાને કારણે અથવા સ્ત્રીઓનાં અધિકાર અંગેની માન્યતાઓને કારણે અત્યાચાર થાય છે, આ બધું ઈમીગ્રેશનનાં અધિકૃત સાથે અથવા ન્યાયધીશની સાથે તરત આપલે કરવી જોઈએ અને જાતિગત અનાથાશ્રમ માટે વિનંતિ કરવી જોઈએ.

તમે વકીલની અથવા ઈમીગ્રેશનનાં ન્યાયધીશની સાથે વાત કરાવવાનું કહી શકો.

યાદ રાખો કે તમે કોઈ પણ કાગળ ઉપર સહી કરવા બંધાયેલાં નથી અને તમારાં વકીલની સલાહ વગર કોઈ સહી કરવી જોઈએ નહીં. અગર તમારાં વકીલ સાથે ચર્ચાવિચારણા કર્યાં વગર કોઈ કાગળ ઉપર સહી કરશો તો તે અમેરિકામાં કાયદેસર રહેવા માટેની શક્યતા ઉપર અવળી અસર પડી શકે.

છેલ્લે, અગર તમને અમેરિકાની સરહદ ઉપરથી અમેરિકાની બહાર મોકલી દેવાયા હોય અથવા અમુક પ્રકારનાં સજાપાત્ર કૃત્યમાં ગુનેગાર બનાવે, તે ઘણું જ મહત્વનું છે કે તમે એક વકીલનો સંપર્ક કરો અથવા ઘરેલું હિંસા અંકેનાં વકીલ કે જે ઈમીગ્રેશન અંગેનાં બાહોશ હોય જેથી તમારાં ઈમીગ્રશન અંગેની ફાઈલ મૂકતાં પહેલાં છૂટછાટોનાં ઉપાયો બાબત તમને કહે.

**૭. પરદેશમાંથી આવીને અમેરિકામાં વસતી સ્ત્રીઓ કે જેમણે પોતાનાં મૂળ દેશમાં એક સ્ત્રી હોવાને કારણે જુલમ-ત્રાસ સહેલો છે એનાં માટે આશ્રય:**

.ાં માટે ઈમીગ્રેશન કાયદાઓ છે કે જે  આશ્રય-રક્ષણ આપે છે જ્યારે:

- પોતાનાં મૂળ દેશમાં રાજકીય અથવા ધાર્મિક માન્યતાઓને કારણે અથવા કોઈ એક ખાસ સામાજીક જૂથ દ્વારા તેઓએ જુલમ-ત્રાસ સહેલો હોય ત્યારે;
- સરકાર પોતે જુલમ કરવામાં હિસ્સેદાર હોય અને વ્યક્તિનું રક્ષણ ન કરી શકે ત્યારે અને
- અગર પોતે ત્યાં પાછા ફરશે તો એવા જોખમની શક્યતાં રહે છે કે તે માણસો તેને મારી નાખશે અથવા યાતના આપશે ત્યારે.

અગર તમે તમારાં મૂળ દેશમાં બળાત્કાર, ગુહ્ય ભાગમાં અનેક અંગછેદન સહેલાં હોય અથવા સ્ત્રી તરીકેનાં અધિકારોની માન્યતાઓને કારણે ત્રાસનો ભોગ બન્યા હો અને યાતના સહેવી પડી હોય અથવા પાછા ફરશો તો તમને મારી નાખશે એવો ભય રહેતો હોય તો તમે કદાચ આ દેશમાં(અમેરિકામાં) આશ્રય માગી શકો.

આ બાબતો સાબિત કરવી ઘણી જ મુશ્કેલ છે અને તમે આશ્રય માટેની અરજી મોકલતાં પહેલાં ઈમીગ્રેશનનાં કાયદાનાં વકીલની મુલાકાત લેવી જોઈએ.

Under VAWA 2005, you can obtain employment authorization if you have a non-immigrant visa that depends upon your abuser's non-immigrant visa that he obtained related to his work.



# મુલકી સંરક્ષણનાં-આશ્રયનાં હુકમ અંગેનાં સવાલો અને જવાબો:

**મુલકી સંરક્ષણનો- આશ્રયનો હુકમ શું છે ?**

મુલકી સંરક્ષણનો હુકમ એ એક પ્રક્રિયા છે જેમાં સજાપાત્ર થતાં ઘરેલું કૃત્યનો ભોગ બનેલાં હોય, શારીરિક અત્યાચાર થયેલો હોય, શારીરિક ઈજાથી નુકશાન થવાથી ડરી ગયાં હોય અથવા ઓચિંતો હુમલો થવાનો ભય હોય તો ન્યાયધીશ પાસે આક્રમણકારી અત્યાચાર કરતો બંધ થાય એ માટેનો હુકમ મળે એ માટે પૂછવું એ

**હું મુલકી સંરક્ષણનો-આશ્રયનો હુકમ મેળવવા માટે અરજી કરું તો શું બની શકે ?**

- મોટાં ભાગની સ્થિતિમાં તમારી સંરક્ષણ અંગેની અધિકારીને કરવામાં આવેલી ધોરણસરની અરજીની સમીક્ષા કરાશે અને તે/તેણી એ નક્કી કરશે કે તમારાં ઉપર અચાનક હુમલો થયો હતો, ન્યાયધીશ કામચલાઉ આશ્રય આપશે અને તમને અમેરિકામાં કાયમી-સ્થાઈ આશ્રય મળી શકે કે નહિ એની સુનાવણી માટેનું સમયપત્રક નક્કી કરશે.
- કાયમી આશ્રય અંગેની સુનાવણી દરમ્યાન તમે અને તમારાં ઉપર અત્યાચાર કરનાર બન્ને હાજર હશો. ન્યાયધીશને એ સાબિત કરી દેવાની તમારી પાસે તક રહેશે કે તમારા જીવનસાથીએ તમારાં ઉપર ભૂતકાળમાં અચાનક હુમલો કર્યો હતો અને આ કારણોસર તમારાં જીવનસાથી દ્વારા ભવિષ્યમાં થનારાં આવા હુમલાથી બચવા માટે તમારે આશ્રયની જરૂર છે.
- તમે કરેલાં આક્ષેપો સામે પોતાનો બચાવ કરવા માટે તમારાં ઉપર અત્યાચાર કરનાર પાસે પણ એક તક હશે.
- ઘણી વખત ઓચિંતા હુમલાની ઘટનાં મૈત્રી દરમ્યાન બને છે. તમે ઘરમાં શું બન્યું હતુ એ ન્યાયધીશને કુશળતાપુર્વક કહેવા શક્તિમાન હશો. અગર તમને હુમલાંથી જખમ થયાં હોય, ઉઝરડાં થયાં હોય, ચકામું થઈ ગયું હોય, ફાડી નાંખેલાં કપડાં હોય, એમણે તોડી નાખેલી વસ્તુઓ હોય, જે લોકાએ તમારાં ઉપર થયેલો હુમલો જોયો હોય અથવા તમે પાડેલી ભયજનક ચીસો સાંભળી હોય વગેરે તમામ ન્યાયધીશ આગળ રજુ કરી શકો છો જેથી કરીને તમારાં આ પુરાવા ભરોસાપાત્ર બની રહે.
- રાજ્યનો કાયદો ન્યાયધીશને પરવાનગી આપે છે કે, તમને મુલકી આશ્રયનાં હુકમમાં અનેક પ્રકારની યોજનાઓનો સમાવેશ કરે જેવી કેઃ ઘરનો જે વિભાગ તમે ઉપભોગ કરતાં હો એ વિભાગમાંથી તમારાં ઉપર અત્યાચાર કરનાર હટી જાય, તમારાં બાળકોનો તમને કબજો મળે, તમારાં બાળકોની સારસંભાળ માટે પૈસા મળે અને તમારાં ઉપર થયેલાં હુમલા દરમ્યાન અત્યાચાર કરનારે તોડી નાંખેલી વસ્તઓનું સમારકામ કરાવી આપે વગેરેનો સમાવેશ કરે. સામાન્ય રીતે તમારાં ઉપર અત્યાચાર કરનારને ઘરની મુલાકાત કરવાનો અધિકાર હોય છે. જીવન જીવવા માટેની જીવન જરૂરીયાતની વસ્તુઓ તમારાં ઉપર અત્યાચાર કરનાર આપે એ માટે ન્યાયધીશ પાસે માંગણી કરો. ન્યાયધીશ પાસે માગણી કરવાની મળેલો તક વખતે એવી માગણી કરવાનું ભુલતા નહિ કે તમારાં ઉપર અત્યાચાર કરનાર અમેરિકામાં રહેવા માટેનાં કાગળો, તમારો પાસપોર્ટ, જન્મનું પ્રમાણપત્ર અને મહત્વનાં બીજા કાગળો કબજા સાથે તમને પાછા આપે એ હુકમનામામાં સમાવેશ કરવાની વિનંતિ કરજો.

**અગર હું બરાબર અંગ્રેજી ન બોલી શક તો મને કોણ મદદ કરી શકે ?**

ત્યાં ઘરેલું સજાપાત્ર થતાં ઘરેલું કૃત્યનાં કાયદાનાં જાણકાર વકીર હોય છે, જે કુટુંબમાં બનતાં સજાપાત્ર થતાં કૃત્યનાં કેન્દ્ર સાથે કામ કરતાં હોય છે, એ તમને તમારી સંપૂર્ણ કાર્યવાહી દરમ્યાન સહકાર આપશે. અમુક સજાપાત્ર થતાં ઘરેલું કૃત્યની કાર્યસૂચીમાં દ્વીભાષી કર્મચારીગણ અથવા દુભાષિયાને બોલાવવાનાં હકનો સમાવેશ થયેલો હોય છે. તમે એવી વિનંતિ પણ કરો કે ન્યાયધીશ તરફથી તમને સુનાવણી દરમ્યાન દુભાષિયો મળે કે જે તમારી વાતનો અર્થ બરાબર સમજાવે.

**અગર હું મુલકી આશ્રય-સંરક્ષણની માગણી કરું તો શું ન્યાયધીશ ઈમીગ્રેશનને ફોન કરશે અથવા મને અમેરિકાની બહાર મોકલી દેશે ?**

ના. ન્યાયધીશ કે જેઓ મુલકી આશ્રયનાં હુકમની સુનાવણી કરતાં હોય એ ઈમીગ્રશનનાં ન્યાયધીશની જવાબદારી નથી એમ માનીને આગળ વધશે. આ ઉપરાંત એ ન્યાયધીશ ઈમીગ્રેશનમાં ફેરફાર કરતાં અધિયારી નથી, કારણ કે એની ભૂમિકા તો તમે અને તમારાં સંતાનો સલામત અને રક્ષિત છા એની ખરાઈ કરવા પૂરતી હોય છે.

**એમની પાસે મારાં ઈમીગ્રેશનને લગતાં તમામ કાગળો હોય છે, ભવિષ્યમાં મારાં ઈમીગ્રેશનની બાબતમાં શું બની શકે ?**

તમારાં ઉપર અત્યાચાર કરનાર નીચે પ્રમાણે ચોક્કસ કરે એવું મુલકી આશ્રયનાં હુકમમાં સમાવેશ કરાવવાનું ભૂલશો નહીંઃ

૧. તમારાં ઈમીગ્રેશનની બાબત સાથે સાતત્ય જાળવે

૨. ઈમીગ્રેશનની પરાણે અમલવારી કરાવવા એનો સંપર્ક ન કરે

૩. ભવિષ્યમાં તમારી ઈમીગ્રેશનની ફાઈલમાં વધારે ખર્ચ થાય એનાં માટે એ વધું ફી ન ચૂકવે.

૪. તમે એક દસ્તાવેજ ઉપર સહી કરો જે દસ્તાવેજ ફ્રીડમ ઓફ ઈમીગ્રશન એક્ટ (FOIA) તરીકે જાણીતો છે, એ દ્વારા તમને તમારાં અને તેના ઈમીગ્રેશનની શુ પરિસ્થિતિ છે અને તમારી ફાઈલમાં શું છે એ જોવાની પરવાનગી મળે છે.

૫. તમને તમારાં ઈમીગ્રેશનનાં દસ્તાવેજો આપે, પાસપોર્ટની નકલો અથવા ગ્રીનકાર્ડ અને નકલોની લેતી-દેતી કરે અથવા અગર તમે સ્ત્રીઓ સામે થતાં સજાપાત્ર કૃત્યનાં કાયદા(VAWA) અંતરગત અમેરિકામાં રહેવા માટેનાં અધિકારની જાતે કરવામાં આવતી અધિકૃતને ધોરણસરની અરજી કરવાની યોજના કરતાં હો તો ઈમીગ્રશનને પુરવાર કરે એવા અસલી દસ્તાવેજોની આપલે કરે.

**અગર હું મદદની માગણી કરું તો તે મને ડરાવશે કે મને મારા સંતાનો સાથે તેનાં દેશમાં પરત મોકલી દેશે ?**

મહેરબાની કરીને તમારાં આ ભયને ન્યાયધીશ આગળ ચોક્કસ રજુ કરો. એવી શક્યતા પણ રહે છે કે આંતરરાષ્ટ્રીય સ્નેહપૂર્ણ અપહરણ અટકાવવા પોતાનાં હુકમમાં એનો ઉમેરો કરવા તૈયારી બતાવે. આમાં તમારાં સંતાનોનાં પાસપોર્ટો આપે, પૈસા અંગેનું કરારનામુ કરી આપે વગેરેનો સમાવેશ થાય છે અને ન્યાયધીશ તેના દેશનાં રાજદૂતની કચેરીને પોતાની સહી સાથેનો પત્ર મોકલશે કે તે તેનાં સંતાનોને દેશમાં જવાનાં વિઝા કે પાસપોર્ટો ન આપે. અગર તમે ઝઝૂમવાનાં જોખમથી ડરી ગયા હો તો ન્યાયધીશને એવો હુકમ કરવાનું કહો જેથી તમારાં સંતાનોની ઉપર ચાંપતી નજર રહે.

**અગર હું મારો વિચાર બદલું અથવા હું તેની સાથે રહું, હું તેની સાથે પાછી રહેવા જાવ છતાં પણ મને મળેલો હુકમ હજું મને આશ્રય પુરો પાડે ?**

હા. તમે તેની સાથે રહેવાનું ચાલું રાખો છતાં પણ તમને મુલકી આશ્રયનું હુકમનામ મળે. આવું હુકમનામું તમારા ઉપર અત્યાચાર કરનારને કહેશે કે એ ભવિષ્યમાં તમને ઈજા ન કરે, નુકશાન ન કરે, અત્યાચાર ન કરે, ડરાવે નહિ. જ્યારે તમને મુલકી આશ્રયનું હુકમનામું મળે ત્યારે અગર તમે તમારાં ઉપર અત્યાચાર કરનારથી અલગ રહેતાં હો અને તમે તમારો વિચાર બદલો અથવા તમ તમારાં જીવનસાથી સાથે રહેવા ઈચ્છા કરો તો તમે એમ કરી શકો અને તૈયારી સાથે તેને એવું કહો કે તે તમને ઈજા ન કરે, ડરાવે નહિ અથવા અત્યાચાર ન કરે છતાં તમે આશ્રય માટે ન્યાયોચિત છો. વર્તમાનની તમારી પરિસ્થિતિની જરૂરિયાતને અનુલક્ષીને ગમેતેમ કરીને ન્યાયધીશ સાનુકૂળ પ્રતિભાવરૂપે હુકમનામામાં  ફેરફાર કરશે. મોટાભાગની પરિસ્થિતિમાં આવો મુલકી આશ્રયનો હુકમ ૧ થી ૩ વરસ અસ્તિત્વમાં રહે છે.



# પારીવારિક કાયદાઓ અંતરગત મુલકી આશ્રય

**તમને અમેરિકામાં અધિકરો મળેલાં છે કેઃ**

- કોર્ટ પાસે માંગણી કરો કે અમેરિકામાં રહેવાનાં દરજ્જાને ધ્યાનમાં લીધાં વગર તમને વકીલ સહિત અથવા વકીલ વગર મદદ મળે.
- તમારાં ઉપર અત્યાચાર કરનારની સહમતી વગર તમે છૂટાછેડા માટેની ફાઈલ કરો અને વિવાહિત સ્થિતિની મિલકતનાં વિભાજન માટે વિનંતિ કરો.
- તમને આશ્રય મળે એવો હુકમ કરે ક જેમાં તે તમારાથી દૂર રહે એવી ઉપલબ્ધી સાથે અથવા ઉપલબ્ધી વગરની અમેરિકામાં રહેવા માટેની અધિકૃતને ધોરણસરની અરજી કરો. તમને આશ્રય મળશે સાથે સાથે તમે તમારાં ઉપર અત્યાચાર કરનાર સાથે રહેવા જવાની યોજના બનાવો.
- અગર તમારી પાસે અથવા તમારાં જીવનસાથી પાસે અમેરિકામાં રહેવા માટેનો દરજ્જો ન હોય તો પણ સંતાન અને લગ્ન વિષયક આધાર માટે અધિકૃતને ધોરણસરની અરજી કરો.
- તમને તમારાં ઘરમાં જોખમ જેવું રાગે તો તમારાં સંતાનોનો અને મિલકતનો અધિકાર ગુમાવ્યા વગર તમે ઘર છોડી દો.

**મુલકી આશ્રયનાં હુકમનાં વિશિષ્ટ ફાયદાઓ**

મુલકી આશ્રયનો હુકમ તમને નીચે પ્રમાણે રક્ષણ કરી શકશેઃ

- પ્રતિવાદીને હુકમ કરશે કે એ તમારાં ઉપર ઓચિંતો હુમલો ન કરે, પજવણી ન કરવી અને ડરાવે નહિ એ સખત રીતે રોકશે સાથે સાથે ભવિષ્યમાં તમારી નજીક, તમારાં સંતાનોની નજીક અથવા તમારાં કામ કરવાની જગ્યાએ અથવા સ્થળે અથવા ધાર્મિક પૂજાપાઠની જગ્યાએ સખત રીતે એમને જતાં રોકશે.
- તમારાં ઉપર અત્યાચાર કરનાર(પ્રતિવાદી)ને હુકમ કરશે કે તે તેમની પાસેનાં તમામ હથિયારો (ફોડી શકાય એવા અથવા આયુધો) કાયદાનો અમલવારી કરનારાં અધિકૃત પાસે જમા કરાવી દે.
- તમને મળેલાં ન્યાયધીશનાં હુકમની સુચીપત્રમાં સમાવેશ કરેલી તમારો અંગત મિલકત અને અન્ય વસ્તુઓ પ્રતિવાદી પાછી આપશે.
- પ્રતિવાદીને હુકમ કરશેઃ
  - ઈમીગ્રેશનનો સંપર્ક ન કરે
  - ઈમીગ્રેશન અંગેનું અસ્તિત્વ જાળવી રાખે
  - સ્ત્રીઓ સામે થતી હિંસાનાં કાયદા (VAWA) અંતરગત ભોગ બનનારાં દ્વારા જાતે કરવામાં આવતી ધોરણસરની અરજીને લગતાં તમામ દસ્તાવેજો સુપરત કરી દે. જેવા કે તેનાં સોશિયલ સીક્યુરીટી નંબર, જન્મનું પ્રમાણપત્ર, એલીયન નંબર અથવા એ-નંબર, નામ સાથેનાં ઈલેક્ટ્રીકનાં અને પાણીનાં બીલો, બન્ને સાથે રહેતાં હતાં એ સાબિત કરતાં દસ્તાવેજો, સંતાનોનાં જન્મનાં પ્રમાણપત્રો, નામકરણનાં પ્રમાણપત્રો(Baptism Certificates), અને લગ્નનું પ્રમાણપત્ર વગેરે.
- અગર આંતર રાષ્ટ્રિય અપહરણનું જોખમ લાગે તો પ્રતિવાદીની ગતિવિધિ ઉપર ચોકસી રહે અને પ્રતિવાદી યોગ્ય દસ્તાવેજીય પુરાવા જેવા કે સંતાનોનાં પાસપોર્ટો પાછા આપે એવા આશ્રયનાં હુકમ માટે વિનંતિ કરો.
- પ્રતિવાદી સંતાનોનાં પાલનપોષણનાં ટેકા માટે પૈસા ચૂકવે એવા આશ્રયનાં હુકમ માટે વિનંતિ કરો. તમને કાયદાકીય રીતે કામ કરવાની પરવાનગી મળે ત્યાં સુધી જીવનસાથી તરફથી ટેકો મળતો રહે એવી વિનંતિ પણ કરી શકો.

યાદ રાખોઃ તમને હુકમ મળી ગયા પછી તમારે તમારી સલામતીની યોજના ઘડવા માટે હુકમની અમલવારી માટે તમારું પછીનું ક્યું કદમ લેવા માંગો છો એ માટે વકીલ સાથે કામ કરવું જોઈએ જેથી મળેલો હુકમ કાગળનો ટૂકડો બની ન જાય. અગર આશ્રયનાં હુકમનો ભંગ થતો લાગે તો વકીલનો સંપર્ક કરવાનું અને ફોન નં. ૯૧૧ ઉપર ફોન કરવાનું ન ભૂલતા.

**પરદેશમાંથી આવીને અમેરિકામાં વસેલાં તમામ રહેવાસીઓ માટે સાર્વજનિક સહાય**

તમારાં અમેરિકામાં રહેવાનાં દરજ્જાને ધ્યાનમાં લીધાં વગર અને તમે તથા તમારાં સંતાનો સજાપાત્ર થતાં ઘરેલું કૃત્યનાં ભોગ બનેલાં છો/તેમાંથી બચેલાં છો એનાં કારણે તમે નીચે પ્રમાણેની સાર્વજનિક સહાય મેળવવા માટે લાયક બનોઃ

- ઘરેલું હિંસા અટકાવવા અને એમાં હસ્તેક્ષેપ કરતી સેવાઓ જેવી કે સલાહ-સુચન મેળવવાનો અને આશ્રય મેળવવાનાં અધિકારનો સમાવેશ થાય છે.
- ટુંકા ગાળા માટે રહેવા મકાનની સેવા જેવી કે તાત્કાલિક આશરો-આશ્રય, સગીરના માટે, ઘરેલું હિંસામાંથી બચેલા માટે અને ઘરવિહોણાઓ માટે પરંપરાગત રાસરચીલા સાથેન મકાન.
- તમારી જીંદગીનાં બચાવ માટે અથવા તમારી અંગત સલામતી માટે અન્ય પ્રકારની સહાય.
- ભયજનક સ્થિતિમાં અને અંગત સલામતીની સ્થિતિમાં જીવન રક્ષક વૈદકીય(મેડીકલ) સેવાઓ જેવી કે તાત્કાલિક સેવા, માનસિક તંદુરસ્તી માટેની સેવાઓ, નશીલી દવાનાં દુરૂપયોગ-અત્યાચાર સામેની સેવાઓ અને અશક્ત-અસમર્થ માનવી માટેની સેવાઓ મળે એવો હુકમ કરે.
- માણસ માટેની ખાસ જરૂરીયાતો પુરી પાડતી સેવાઓ જેવી કે જનસમાજ માટેનાં કોઠાર- અન્નભંડાર, સાર્વજનિક-જાહેર રસોડાઓ, વયસ્ક લોકો માટે આહાર અંગેની વિગત સાથેનાં કાર્યક્રમની રૂપરેખા.
- એક વખત તમે અધિકૃતને જાતે કરવામાં આવતી ધોરણસરની અરજી મોકલો એટલે તમારી બાબત નિર્ણાયક બનશે, અગર તમારી તમામ વિગત બરાબર હશે તો તમને પહેલી દૃષ્ટિએ તમારાં ઈમીગ્રેશનનાં દરજ્જાને સ્પષ્ટપણે સ્થાપિત કરતી જાણકારીનો પત્ર તમને મળશે. આવી જાણકારી મળતાંની સાથે તમે સાર્વજનિક લાભો માટે અરજી કરી શકશો. તમને રાસરચીલા સાથેનું સાર્વજનિક અને સહકારી મકાન અને શૈક્ષણિક લાભો તાત્કાલિક મળશે. તમને બીજા સાર્વજનિક લાભોનો હુકમ પણ મળી શકે એ તમે ક્યાં રાજ્યમાં રહો છો અને તમે ઓગષ્ટ ૧૯૯૬થી અમેરિકામાં રહો છો એનાં ઉપર આધાર રહે છે.

આ અંગેની વધું માહિતી મેળવવા માટે મહેરબાની કરીને તમે તમારી નજીકનાં સ્થાનિક આશ્રય સ્થાનમાં અથવા પારિવારિક હિંસા-શીરજોરીમાં મદદ કરતાં કેન્દ્રમાં ફોન કરો. પારિવારિક હિંસાનાં સ્થાનિક આશ્રય કેન્દ્રનાં ફોન નંબર મેળવવા માટે મહેરબાની કરીને મફતમાં થઈ શકતાં ફોનની રાષ્ટ્રીય સીધા જોડાણની લાઈનનાં ફોન નંબર ૧-૮૦૦-૭૯૯-૭૨૩૩(૧-૮૦૦-૭૯૯-SAFE) ઉપર ફોન કરો.

# ઘરેલું હિંસાની ઘટનામાંથી બચ્યાં પછીનું જીવન અને સલામતીનાં ઉદ્દેશ્યો

નીચે આપેલો કોઠો તમને ફક્ત શક્યતાઓ સંબંધી નિર્દેશ કરે છે અને એમાં તમારી જરૂરીયાત મુજબ થોડાંઘણાં ફેરફાર કરી શકાય. એનાં માટે અગાવથી વિચારોઃ તમે કેટલાં સલામત છો એ બીજા કરતાં તમે જ વધું જાણી શકો. શક્યતઃ તમામ પરિસ્થિતિની ગણતરી કરીને, એ પ્રમાણેની યોજના બનાવવા માટે વિચારો.

| સ્થળ | કાનુની કાર્યવાહીની યોજના | અગત્યનાં નંબરો અથવા નામો |
|---|---|---|
| ઘર | જ્યાંથી તમે તાત્કાલિક ભાગી ન શકો એવી જગ્યાથી દૂર રહો.<br><br>રસોડાંથી દૂર રહો કે જ્યાં હંમેશા ઘાતક હથિયારો રહેલાં હોવાની સંભાવના હોય છે જેવા કે છરીઓ અને અન્ય હથિયારોઃ | તમે જેનાં ઉપર વિશ્વાસ હોય એવા પોડોશી સાથે વાત કરો અને એને તમે મુસીબતમાં છો એવો સંકેત કરો જેવા કે બારીની આજુબાજું મીણબતી લઈને આઘુપાછું થવું અથવા ઘરની અમુક લાઈટો ચાલુ કરો કે જેથી તમારાં પડોશીને જાણ થાય કે તમારે પોલીસને ફોન કરવાની જરૂર છે.<br><br>તમારાં સંતાનોને ફોન નં. ૯૧૧ કેવી રીતે જોડવો એ શીખવાડો અને હિંસાના બનાવ બને તો સલામતી માટે ક્યાં સંતાવું એ કહો |
| કામની જગ્ય | | |
| શાળા | | |
| પરિવાર | | |
| શેરી | | |
| જાહેરમાં | | |

## સજાપાત્ર થતાં કૃત્યની ઘટનામાંથી અમેરિકામાં વસવાટ દરમ્યાન બચેલાંઓ માટે આશ્રય-સંરક્ષણનું કાડ

I have been abused by my partner. I do not wish to talk to you without calling an inmigration lawyer. Please do not ask me any questions nor to sign any papers without my attorney being present.

હું મારાં જીવનસાથી-સહયોગીનો અત્યાચાર પામેલ છું. હું ઈમીગ્રેશન વકીલને ફોન કર્યા વગર તમારી સાથે વાતચીત કરવા ઈચ્છુક નથી. મહેરબાની કરીને મને કોઈપણ સવાલ ન પૂછો, મારાં વકીલની હાજરી વગર મને કોઈ કાગળ ઉપર સહી કરવાનું ન કહો.

**Telephone: 1-800-799-7233** ફોન નં. ૧-૮૦૦-૭૯૯-૭૨૩૩

પરદેશમાંથી આવીને અમેરિકામાં વસેલી અને સજાપાત્ર થતાં ઘરેલું કૃત્યનાં પ્રતિકાર માટેનો આસિસ્ટા દ્વારા નિર્મિત આઈઓવા સમવાયતંત્રનો એક કાયદાકીય સહયોગની રૂપરેખા

લેખકઃ સોનિયા પારસ કોન્રાડ, ઈસક્યુ ( લોયર)

ઘરેલું હિંસાનાં પ્રતિકાર માટ આઈઓવાનું સમવાયતંત્ર/આસિસ્ટા

તસવીરોની પ્રસિદ્ધિઃ મુખપૃષ્ઠ, જમણી બાજુ, ઉપર, પાના નં. ૧, ૬. ૧૦ અને ૧૪ ઉપરની તમામ તસવીરો લેસ્લી ઓરવોફ. મુદ્રણ માટનાં અધિકાર લેસ્લી ઓરલોફ પાસે

આ માહિતીપત્રક અમેરિકામાનાં ડીપાર્ટમેન્ટ ઓફ જસ્ટીસનાં ગ્રાન્ટ નં. ૨૦૦૫ **WT-AX-K005** દ્વારા અમેરિકામાં રહેતી સ્ત્રીઓની તેની ઓફિસમાં થતી હિંસા-શિરજોરી-ઉદંડતાનાં પ્રતિકાર માટેની ન્યાયીક ઓફિસની રૂપરેખા. આ દસ્તાવેજમાં રજુ થયેલાં તમામ દૃષ્ટિબિંદુઓ લેખકનાં પોતાનાં છે અને એવું માની લેવાની જરૂર નથી કે એ તમામ અધિકૃતપણે અથવા અમેરિકાનાં ડીપાર્ટમેન્ટ ઓફ જસ્ટીસની કાર્યનીતિને પ્રસ્તુત કરે છે.